દેશભરમાં રોશનીના પર્વ દિવાળીની દબદબાભેર ઉજવણી

લોકોએ ઘરોને દિવડાં અને રોશનીથી શણગારવાની સાથે જ ફટાકડા ફોડી ઉજવણી કરી

મંદાકિની નદી પર 18 લાખ પ્રજ્વલિત દીવાઓની રોશનીથી ઝગમગી ઊઠ્યું ચિત્રકૂટધામ

શ્રીનગરનો ઐતિહાસિક ઘડિયાળ ટાવર વિસ્તાર રોશનીથી ઝળહળી ઊઠ્યો, દીપ પ્રગટાવાયા







નવી દિલ્હી, તા. 08 : દેશભરમાં રવિવારે દિવાળીના પર્વની ભારે રોશની અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. લોકોએ ઘરોને દીવડાઓ અને રોશનીથી શણગાર્યા હતા અને પરંપરાગત રીતે ઉજવણી પૂર્ણ કરવા માટે ફટાકડા ફોડ્યા. આ તરફ રવિવારે શ્રીનગરના લાલ ચોક સ્થિત ઐતિહાસિક ઘડિયાળ ટાવર (ઘંટા ઘર) પર હજારો દીવડાઓ પ્રગટાવવામાં આવ્યા હતા, જ્યાં પ્રવાસીઓ અને સ્થાનિકોએ ઉત્સાહભેર દિવાળીની ઉજવણી કરી હતી. ભગવાન રામના વનવાસ કાળ સાથે જોડાયેલા મધ્ય પ્રદેશના પવિત્ર ધામ ચિત્રકૂટ રોશનીથી ઝળહળી ઊઠ્યું હતું. ચાલુ દિવાળી મેળામાં ત્રણ દિવસ દરમિયાન 18 લાખ શ્રદ્ધાળુઓ એકઠા થયા હતા અને તેઓએ મંદાકિની નદીમાં હજારો પ્રજ્વલિત માટીના દીવાઓ વહાવ્યા હતા. શ્રીનગરમાં સાંજના સમયે મોટી સંખ્યામાં પ્રવાસીઓ 'ઘંટા ઘર' તરીકે ઓળખાતા ઘડિયાળ ટાવર પર એકઠા થયા હતા અને માટીના દીવા પ્રગટાવ્યા હતા, જેનાથી શહેરના આ આઇકોનિક પ્રવાસન સ્થળની આસપાસનો સમગ્ર વિસ્તાર રોશનીથી ઝળહળી ઊઠ્યો હતો. સ્થાનીક હિન્દુઓ અને મુસ્લિમોએ પણ ફટાકડા ફોડીને આ ઉજવણીમાં ભાગ લીધો હતો. પંજાબ, હરિયાણા અને તેમની સંયુક્ત રાજધાની ચંદીગઢમાં રવિવારે દિવાળીનો તહેવાર ભારે શ્રદ્ધા, હર્ષ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. સાથે સમગ્ર પંજાબમાં બંદી છોડ દિવસની પણ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંદિરો અને ગુરુદ્વારાઓમાં શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી. અમૃતસરમાં આવેલા પવિત્ર સુવર્ણ મંદિર (ગોલ્ડન ટેમ્પલ) ને આકર્ષક રોશનીથી શણગારવામાં આવ્યું હતું, જ્યાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

રવિવારે વડાપ્રધાન મોદી અને ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરીને દિવાળીની શુભેચ્છાઓની આપ-લે કરી હતી. ફડણવીસે જણાવ્યું હતું કે ખેડૂતોના આંસુ લૂછવા તે જ સાચી દિવાળી છે. બીજી તરફ કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ એક વિડીયો શેર કરીને ભૂતપૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધીના નિવાસસ્થાને વિતાવેલી દિવાળીના સંસ્મરણો તાજા કર્યા હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અયોધ્યામાં હનુમાનગઢી અને રામમંદિરમાં પૂજા અર્ચના કરી હતી. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ લોકોને દિવાળીની શુભેચ્છા આપી હતી.

મેક્રોં, અલ્બાનીઝ સહિત વિશ્વભરના નેતાઓએ દિવાળી પર શાંતિ અને સમૃદ્ધિની કામના કરી

લંડન, તા.8 (પીટીઆઇ): ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોં, ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બાનીઝ અને યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહ્યાન સહિત વિવિધ દેશોના રાજકીય નેતાઓએ રવિવારે દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી અને આ તહેવાર ઉજવતા લોકોને શાંતિ, સમૃદ્ધિ અને એકતાની કામના કરી હતી. મેક્રોંએ હિંદીમાં સોશિયલ મીડિયા પર લખ્યું, "ભારત, ફ્રાન્સ અને વિશ્વભરના મારા તમામ ભારતીય મિત્રોને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ! અલ્બાનીઝે સોશિયલ મીડિયા પર એક વીડિયો સંદેશમાં કહ્યું, "દિવાળીના ચિહ્નો અને પ્રતીકો એક એવો સંદેશ આપે છે જે ધર્મ કે સંસ્કૃતિથી પણ પર છે. યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદે કહ્યું, "યુએઈ અને વિશ્વભરમાં દિવાળી ઉજવતા તમામ લોકોને હાર્દિક શુભેચ્છાઓ. શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે કહ્યું કે, "દીપાવલીનો સાચો અર્થ માત્ર તેલના દીવાઓના પ્રકાશથી ઘરોને રોશન કરવા પૂરતો સીમિત નથી, પરંતુ લોકોના હૃદયમાં પ્રેમ, કરુણા, બંધુત્વ અને માનવતાનો દીપ પ્રગટાવવામાં રહેલો છે."

પાકિસ્તાનના ટોચના નેતૃત્વએ દિવાળીની શુભેચ્છાઓ પાઠવી

ઇસ્લામાબાદ, તા. 8 (પીટીઆઇ) પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી અને વડા પ્રધાન શહબાઝ શરીફે રવિવારે દિવાળીના અવસરે વિશ્વભરના અને ખાસ કરીને પાકિસ્તાનના હિન્દુ સમુદાયને હાર્દિક શુભેચ્છાઓ અને મંગલકામનાઓ પાઠવી હતી. તેમના અલગ-અલગ સંદેશાઓમાં તેઓએ કહ્યું હતું કે, દિવાળી નફરત, અસહિષ્ણુતા અને નિરાશાના અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક છે. રોશનીનો આ તહેવાર માનવ સંબંધો અને સામાજિક જીવનમાં શાંતિપૂર્ણ સહઅસ્તિત્વને પ્રોત્સાહન આપવાનો ઊંડો સંદેશ આપે છે.

વોન્ટેડ ગેંગસ્ટર આફ્રિદીને ભારત પરત લાવવામાં આવ્યો

ચંડીગઢ: તા. 8 પંજાબ પોલીસે કેન્દ્રીય એજન્સીઓના સહયોગથી 10 મહિનાની આંતરરાષ્ટ્રીય શોધખોળ બાદ ઇથોપિયાથી વોન્ટેડ ગેંગસ્ટર ગુરવિંદર ઉર્ફે આફ્રિદી ભારત પરત લાવવામાં સફળતા મેળવી છે. રાજ્ય પોલીસે 7-8 નવેમ્બરની મધ્યરાત્રિ દરમિયાન દિલ્હી એરપોર્ટ પર આફ્રિદીને કસ્ટડીમાં લીધો હતો અને કાયદાકીય કાર્યવાહી માટે તેને પંજાબ લાવવામાં આવી રહ્યો છે. પંજાબના ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું હતું કે, પંજાબ પોલીસ દ્વારા કોઈ આફ્રિકન દેશમાંથી ભગોડા આરોપીને પરત લાવવામાં સફળતા મેળવી હોય તેવી આ પ્રથમ ઘટના છે.

ઈજીપ્તમાં 2 ટ્રેનો વચ્ચે અકસ્માત: 7નાં મોત, 100થી વધુ ઈજાગ્રસ્ત

કૈરો, તા. 8 (એપી): ઈજિપ્તની રાજધાની કૈરોની દક્ષિણે રવિવારે બે ટ્રેનો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ઓછામાં ઓછા સાતનાં મોત થયાં છે અને લગભગ 100થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. વાહનવ્યવહાર મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ અકસ્માત કૈરોથી દક્ષિણે લગભગ 52 કિલોમીટર દૂર ગીઝા પ્રાંતના અલ-અય્યાત જિલ્લામાં થયો હતો, જ્યારે દક્ષિણ-પશ્ચિમી ફ્યૂમ પ્રાંત તરફ જઈ રહેલી ટ્રેન દક્ષિણ પ્રાંત અસવાન તરફ જઈ રહેલી ટ્રેનની પાછળના ભાગે અથડાઈ હતી. બેમાંથી એક ટ્રેન પાટા પરથી ઊતરી ગઈ હતી, પરંતુ કઈ ટ્રેન ઊતરી ગઈ હતી તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી.

મધ્ય જાપાનમાં શક્તિશાળી ધરતીકંપ: બાવીસને ઇજા

ટોક્યો, તા. ૮ (AP): રવિવારે વહેલી સવારે મધ્ય જાપાનમાં આવેલા તીવ્ર ભૂકંપના આંચકાથી દુકાનોના કાચ તૂટી ગયા હતા, લોકો ઇમારતોમાંથી બહાર દોડી આવ્યા હતા અને સ્થાનિક મીડિયા અનુસાર ઓછામાં ઓછા ૨૨ લોકો ઘાયલ થયા હતા. જાપાનની હવામાન એજન્સીએ ભૂકંપની તીવ્રતા ૫.૭ માપી હતી, જ્યારે યુ.એસ. જીઓલોજિકલ સર્વેએ તેની તીવ્રતા ૫.૫ નોંધાવી હતી. ભૂકંપ પછીના નાના આંચકા પણ અનુભવાયા હતા. આઇચી પ્રીફેક્ચર નજીકનો એક વિશાળ વિસ્તાર આનાથી પ્રભાવિત થયો હતો, જેમાં હમામાત્સુ શહેર, ક્યોટો અને નારાના પ્રાચીન શહેરો તથા નજીકના ગિફુ અને યામાનાશી પ્રીફેક્ચર્સનો સમાવેશ થાય છે. જાપાનીઝ ટીવી ફૂટેજમાં તૂટેલી દુકાનોના કાચ અને રસ્તાઓ પર કાચના ટુકડા વિખરાયેલા જોવા મળ્યા હતા.

ઉત્તર કોલંબિયાના સૈન્ય અડ્ડા પર ડ્રોન હુમલામાં ત્રણ સૈનિકોનાં મોત

બોગોટા: તા. 8: ઉત્તર કોલંબિયામાં આવેલા એક સૈન્ય અડ્ડા પર થયેલા ડ્રોન હુમલામાં 3 સૈનિકો માર્યા ગયા છે અને ઓછામાં ઓછા 16 ઘાયલ થયા છે. તેમ શનિવારે કોલંબિયાની સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું. સાન લુકાસ પર્વતમાળાના તળેટીમાં આવેલા નાના શહેર સંત રોસા દેલ સુરમાં આ હુમલો કોણે કર્યો તે અંગે અધિકારીઓએ હજી સુધી કોઈ સ્પષ્ટતા કરી નથી. સંત રોસાની આસપાસનો વિસ્તાર સોનાની ખાણોથી સમૃદ્ધ છે અને તેના પર વર્ચસ્વ મેળવવા માટે ગલ્ફ ક્લાન, નેશનલ લિબરેશન આર્મી અને રિવોલ્યુશનરી આર્મ્ડ ફોર્સિસ ઓફ કોલંબિયાના ભૂતપૂર્વ સભ્યો દ્વારા સંચાલિત નાના જૂથો વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે.

રશિયાનો ફરી જ્યાં 55નાં મોત થયા હતા તે આશ્રયસ્થાન પર હુમલો

રશિયા જાણીજોઇને આશ્રયસ્થાનો અને રાહત કાર્યકરોને વારંવાર નિશાન બનાવતું હોવાનો યુક્રેનનો આક્ષેપ

આ વખતના હુમલામાં કોઇનું મોત નહીં, પણ સોમવારના હુમલા પછી ૪૫ હજી લાપતા છે

ઝાપોરિઝિયા(યુક્રેન), તા. ૮(AP): દક્ષિણ યુક્રેનમાં રવિવારે બચાવ કામગીરી કરી રહેલા ઇમરજન્સી કર્મચારીઓ પર રશિયન ડ્રોને હુમલો કર્યો હતો. આ હુમલો એક ભૂતપૂર્વ શાળા અને નજીકના આશ્રયસ્થાન પર થયો હતો, જેના પર અગાઉ રશિયા દ્વારા અનેક ગાઇડેડ બોમ્બ ફેંકવામાં આવ્યા હતા; એ સમયે સ્થાનિક રહીશો માનવતાવાદી સહાય મેળવવા માટે રાહ જોઈ રહ્યા હતા, તેમ સત્તાવાળાઓએ જણાવ્યું હતું.

યુક્રેનની સ્ટેટ ઇમરજન્સી સર્વિસના જણાવ્યા અનુસાર, કોમિશુવાખા ગામમાં રવિવારે થયેલા આ હુમલામાં કોઈને ઈજા થઈ નહોતી, પરંતુ વિશેષ બચાવ સાધનોને નુકસાન પહોંચ્યું હતું.

યુક્રેને જણાવ્યું હતું કે, ઝાપોરિઝિયા ક્ષેત્રમાં ફ્રન્ટ લાઈન નજીક આવેલા એ જ સ્થાન પર સોમવારે થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૫૫ લોકોના મોત થયા હતા. પ્રાદેશિક સૈન્ય વહીવટના કાર્યકારી વડા માઈખાઈલો સેમિકિનના જણાવ્યા અનુસાર, રવિવાર બપોર સુધીમાં ૪૫ લોકો ગુમ થયેલા તરીકે નોંધાયા છે. મળી આવેલા અનેક મૃતદેહોની ઓળખ હજુ થઈ શકી નથી અને ડીએનએ પૃથક્કરણ હાથ ધરવામાં આવી રહ્યું છે.

પોલેન્ડમાં ગોળીબારમાં છનાં મોત, બે દિવસનો શોક જાહેર

ઉગ્ર જમણેરીવાદી વિચારધારા ધરાવતા હુમલાખોરે ભીડભાડવાળા ચોકમાં કાર ઘુસાડી અંધાધૂંધ ગોળીબાર કર્યો

પોલોન્ડે હુમલાને આતંકવાદી કૃત્ય ગણાવ્યું, હુમલામાં 15 અન્ય ઘાયલ, હુમલાખોર પણ પોલીસ ગોળીબારમાં ઘાયલ



ક્રાકોવ(પોલેન્ડ), તા. 8(AP): પોલેન્ડમાં 24 વર્ષીય ઉગ્ર જમણેરી વિચારધારા ધરાવતા એક શખ્સે ક્રાકોવના મુખ્ય અને ભીડભાડવાળા ચોકમાં કાર ઘુસાડીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં 6 લોકોનાં મોત થયા છે અને 15 અન્ય ઘાયલ થયા છે. ત્યારબાદ પોલીસે ગોળીબાર કરીને તેને ઘાયલ કર્યો હતો. આ ઘટના બાદ પોલેન્ડે રવિવારે બે દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે. પોલેન્ડના સંરક્ષણ મંત્રીએ આ હુમલાને "આતંકવાદી કૃત્ય" ગણાવ્યું હતું. આ ઘટના શનિવારે દેશના બીજા સૌથી મોટા શહેર ક્રાકોવના 'ઓલ્ડ ટાઉન'ના હૃદયસમા મુખ્ય ચોક ખાતે બની હતી, જે એક મોટું પ્રવાસન સ્થળ છે.

પેજ 3

કેટરિના-વિકીએ દિવાળી પર પુત્ર વિહાનની પ્રથમ તસવીર શેર કરી



મુંબઈ, તા. 8 : કેટરિના કૈફ અને વિકી કૌશલે આ વર્ષે ફેન્સને દિવાળી પર એક ખાસ સરપ્રાઇઝ આપતાં પોતાના પુત્ર વિહાન સાથેની પ્રથમ સ્પષ્ટ ફેમિલી તસવીર શેર કરી છે. બાળકના એક વર્ષના જન્મદિવસના એક દિવસ પછી પોસ્ટ કરવામાં આવેલી આ તસવીરમાં ત્રણેય પરંપરાગત પોશાકમાં સજ્જ જોવા મળે છે અને એક પરિવાર તરીકે પોતાની પહેલી દિવાળી ઉજવી રહ્યા છે. કેટરિનાએ રવિવારે ઇન્સ્ટાગ્રામ પર આ ફોટોગ્રાફ શેર કરતાં કેપ્શન લખ્યું, "અમારી અત્યાર સુધીની સૌથી રોશન દિવાળી. દરેકને પ્રેમ, પ્રકાશ અને ખુશીઓની શુભેચ્છાઓ." અને આ તસવીરમાં નાનકડો વિહાન ક્રીમ કલરના કુર્તા-પાયજામા અને પીળા પ્રિન્ટેડ નેહરુ જેકેટમાં સૌનું ધ્યાન ખેંચી રહ્યો છે.

અડવાણીનો 100મા વર્ષમાં પ્રવેશ : ભાજપે હવન કરીને ઉજવણી કરી

ભાજપના આ પીઢ નેતાના નિવાસસ્થાને વડાપ્રધાન મોદી સહિત ભાજપના અનેક નેતાઓ પહોંચ્યા

તેમના નિવાસસ્થાને પૂજા અને હવન કરીને ઉજવણી કરવામાં આવી



નવી દિલ્હી, તા. 8: ભારતીય જનતા પાર્ટીએ રવિવારે પોતાના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીના 100મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે અહીં પક્ષના મુખ્યાલય ખાતે પૂજા અને હવન કરીને ઉજવણી કરી હતી. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક નેતાઓએ ભારતીય રાજકારણમાં તેમના યોગદાનની પ્રશંસા કરી હતી. ભાજપે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ દિવાળીના દિવસે જ યોજાયો હતો, જે અડવાણીજીના જીવન, રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણ, સાંગઠનિક યોગદાન અને લાંબા જાહેર જીવનની સ્મૃતિમાં આયોજિત કરવામાં આવ્યો હતો. અડવાણીના પુત્રી પ્રતિભા અડવાણી અને ભાજપ પ્રમુખ નિતિન નબીન સહિત ભાજપના અનેક નેતાઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. પૂજા અને હવન બાદ અડવાણીજીના જીવનના મુખ્ય ભાષણો અને પ્રસંગો દર્શાવતી 20 મિનિટની એક વીડિયો ફિલ્મ દર્શાવવામાં આવી હતી. આ ઉપરાંત, વરિષ્ઠ નેતાઓના ભાષણો ધરાવતી પ્રસ્તુતિઓ પણ યોજાઈ હતી, જેમાં તેમના યોગદાન અને રાજકીય સફરની મહત્વપૂર્ણ ક્ષણો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. વડાપ્રધાન મોદી પણ અડવાણીના નિવાસ્થાને પહોંચ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, અડવાણી અને ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીએ સહયોગનું એક અદ્ભુત ઉદાહરણ પૂરું પાડ્યું હતું અને બંનેએ મળીને ભારતીય રાજકારણનો પ્રવાહ બદલી નાખ્યો હતો.

UFCના વડા ડાના વ્હાઈટને પ્રેસ સેક્રેટરીપદની ટ્રમ્પની ઓફર

પરંપરાઓ તોડવા માટે ટ્રમ્પ જાણીતા છે છતાં યુએફસી વડાને કરાયેલી ઓફરથી આશ્ચર્ય સર્જાયું

પોતે આ પદ સ્વીકારી શકે છે તેવો ડાના વ્હાઇટનો સંકેત



વેસ્ટ પામ બીચ, તા. ૮(AP): રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે જણાવ્યું હતું કે તેમણે તેમના મિત્ર અને UFC ચીફ ડાના વ્હાઇટને વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરીના પદની ઓફર કરી છે. નિયમો અને પરંપરાઓ તોડવા માટે જાણીતા આ પ્રમુખ માટે પણ આ ઘોષણા અસામાન્ય છે. વ્હાઇટે શનિવારે કહ્યું કે તેઓ સોમવારે વ્હાઇટ હાઉસ ખાતે ટ્રમ્પને મળવાની યોજના બનાવી રહ્યા છે. ફ્લોરિડામાં પોતાની ગોલ્ફ ક્લબમાં હાજર ટ્રમ્પે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે તેમણે રિપબ્લિકન રાષ્ટ્રપ્રમુખના મુખ્ય પ્રવક્તા બનવા માટે "મહાન ડાના વ્હાઇટ, એક આક્રમક યોદ્ધા અને ફાઇટર"ને આ ઓફર કરી છે. શનિવારે બોક્સિંગ ઇવેન્ટ માટે લંડનમાં રહેલા વ્હાઇટને એક પત્રકાર પરિષદમાં ટ્રમ્પની પોસ્ટ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જવાબ આપ્યો કે તેઓ તરત જ વોશિંગ્ટન જવા રવાના થશે અને સોમવારે ટ્રમ્પને મળશે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ ફાઇટિંગ જગતમાં પોતાના વર્તમાન હોદ્દાઓની સાથે આ નોકરીનું સંતુલન કેવી રીતે જાળવશે, ત્યારે વ્હાઇટ આ પ્રશ્નથી થોડા અસમંજસમાં દેખાયા અને પછી કહ્યું, "હા, મારી પાસે પહેલાથી જ ઘણી નોકરીઓ છે." તેમણે ટ્રમ્પ સાથે થયેલી વાતચીતનો ખુલાસો કરવાનો ઇનકાર કર્યો હતો.

પ્રિયંકા ચોપડા વિદેશમાં પણ ન ભૂલી ભારતીય સંસ્કૃતિ, પતિ અને પુત્રી સાથે ઉજવી દિવાળી



લોસ એન્જલસ, તા. 8 : પ્રિયંકા ચોપડાએ હાલમાં જ લોસ એન્જલસ સ્થિત પોતાના ઘરે આયોજિત એક પાર્ટીની તસવીરો શેર કરીને ચાહકોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી છે. આ તસવીરોમાં અભિનેત્રી તેના પતિ નિક જોનસ અને પુત્રી માલતી મેરી ચોપડા જોનસ સાથે નજરે પડી રહી છે. રવિવારે પ્રિયંકા ચોપડાએ આ ઉજવણીની કેટલીક ઝલક શેર કરી હતી. તેણે બર્ગંડી અને ગોલ્ડન કલરનું સ્ટ્રેપલેસ ગાઉન પહેર્યું હતું, જેના પર જરદોશી, મોતીનું કામ અને સોનેરી દોરાનું ભરતકામ કરવામાં આવ્યું હતું. આ સાથે તેણે એક નાનું કુંદનનું માંગ-ટીકા, મોટા ગોલ્ડન ઝૂમખાં અને તેને મેચિંગ બંગડીઓ પહેરી હતી. તેણે પોતાના વાળને અંબોડામાં બાંધ્યા હતા, જેમાં તાજા સફેદ ગજરા લગાવેલા હતા.

અમિતાભ બચ્ચને સ્વાસ્થ્ય સંબંધિત ચિંતાઓ અંગે મૌન તોડી કહ્યું, હાથમાં દુખાવો છે

મુંબઈ, તા. 8 : *'કૌન બનેગા કરોડપતિ 18'*ના તાજેતરના શૂટિંગ શેડ્યૂલમાંથી ગેરહાજર રહ્યા બાદ સ્વાસ્થ્ય અંગે વધી રહેલી ચિંતાઓ પર મૌન તોડીને વરિષ્ઠ હિન્દી અભિનેતા અમિતાભ બચ્ચને દિવાળીનો ખાસ સંદેશ શેર કર્યો છે. 84 વર્ષીય અભિનેતાએ ખુલાસો કર્યો છે કે, તેઓ હાલમાં લખવા માટે ઉપયોગમાં લેવાતા હાથમાં દુખાવો અનુભવી રહ્યા છે. તેમના તાજેતરના બ્લોગ પોસ્ટમાં બચ્ચને તેમના શુભચિંતકોને સંબોધ્યા હતા. તેમના નિવાસસ્થાને સતત મળી રહેલી અસંખ્ય શુભેચ્છાઓ અને ભેટ-સોગાદોનો સ્વીકાર કરવામાં થયેલા વિલંબ બદલ તેમણે માફી માંગી હતી.

લંડન નજીક હાઈવે પર 30 વાહનો એકબીજા સાથે ભટકાયા

ધુમ્મસ અને આતશબાજીના ધુમાડાને કારણે અકસ્માત સર્જાયો

બેને ગંભીર, 11ને હળવી ઇજાઓ: હાઇવે બંધ કરી દેવાયો





લંડન, તા. ૮: અહીંથી નજીકના સ્થળે ધૂમ્મસ અને ધુમાડાના કારણે ૩૦ વાહનો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બે વ્યક્તિ ગંભીર રીતે ઘવાઈ છે અને એક મોટરવે બંધ કરી દેવામાં આવ્યો હતો. શનિવારે મોડી સાંજે આશરે ૬:૪૦ વાગ્યે એમ૨૦ મોટરવે પર હોલિંગબોર્ન (જંકશન ૮) અને એશફોર્ડ (જંકશન ૯) વચ્ચે કાર અને લોરીઓ વચ્ચે આ અકસ્માત સર્જાયો હતો. લંડન તરફ જતા માર્ગ પર થયેલા આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી બે વ્યક્તિઓમાંથી એકને લંડનની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને બીજી વ્યક્તિને સ્થાનિક કક્ષાએ સારવાર આપવામાં આવી રહી હતી. અન્ય વાહનચાલકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, જેમાં કુલ ૧૧ લોકોને સારવાર આપવામાં આવી હતી. અતિશય ધૂમ્મસ અને નજીકમાં યોજાયેલા આતશબાજીના કાર્યક્રમના ધુમાડાને કારણે અકસ્માત સર્જાયા બાદ પોલીસ, પેરામેડિક્સ અને ફાયર ફાઇટર્સ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. નજીકમાં આવેલા લીડ્સ કેસલ ખાતે શનિવારે સાંજે ૫:૩૦ વાગ્યે ફટાકડા શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,30,390/-
18 KT 1,06,640/- 14 KT 83,180/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી
મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230

